# ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ

**બોર્ડ નિગમ વિસ્તાર, સેકટર-૧૦(એ), ગાંધીનગર-૩૮૨૦૧૦**
**ફોન નંબર - ૨૩૨૫૦૨૯૪ - ૪૪૯૨૭ - ૫૦૩૩૦**
**ફેક્સ: (૦૭૯)-૨૩૨૫૦૨૮૦ - ૪૪૯૨૬**
**E-Mail : gmfb1@yahoo.co.in   Web : www.gmfb.in**


**ક્રમાંક:- મફબ/અકડ/ચુ-૯/મનપા ઓક્ટ્રોય/જુન-૧૭/૨૦૧૭-૧૮/** ૯૨૧૧   **તા.** 23 JUN 2017

**વંચાણે લીધા :-**

૧. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો તા.૧૪/૧૧/૦૭ના ઠરાવ ક્રમાંક:-બીજીટી/૮૦૨૦૦૭/૩૯૪૦/પી.

૨. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગનો તા. ૧૮/૦૪/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક: બજટ-૮૦૨૦૧૬-૭૧૫૬-પી.

**દફતરી હુકમ :-**

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના ઉપર્યુકત વંચાણે લીધેલ ક્રમ-૧ના તા.૧૪/૧૧/૦૭ના ઠરાવથી ૭ મહાનગરપાલિકાઓને ઓકટ્રોય નાબુદ થતાં તેના વળતર પેટે એડહોક ગ્રાંટ ચુકવવાનો નિર્ણય કરવામાં આવેલ છે. ત્યારબાદ ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની રચના તા.૧૬/૩/૨૦૧૦ ના જાહેરનામાથી થતા ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનનો પણ આ હેતુસર સમાવેશ કરવામાં આવેલ છે. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા.૧/૪/૨૦૧૭ના ઠરાવ ક્રમાંક : નપલ /૪૫૨૦૧૬/૫૨૦૭/મથી રાજ્યની ૮ મહાનગરપાલિકાઓને વર્ષ ૨૦૧૪-૧૫માં ઓક્ટ્રોય વળતર માટે જે ગ્રાંટ ફાળવવામાં આવતી હતી તેમાં વર્ષ ૨૦૧૭-૧૮માં ૧૦ ટકા વધારો કરવાનો નિર્ણય કરેલ છે. આમ મહાનગરપાલિકાઓને વિકાસના કામો માટે પ્રોત્સાહક અનુદાન(ગ્રાંટ) હેઠળ સને ૨૦૧૭-૧૮ ના વર્ષ માટે ૧૦ ટકા વધારા સહિત કુલ રૂા.૨૩૩૭૧૮.૧૦ લાખની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે. જે પૈકી શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના ઉપરોક્ત વંચાણે લીધેલ ક્રમ-૨ના તા.૧૮/ ૪/૨૦૧૭ ના ઠરાવથી રાજ્યની ૮ મહાનગરપાલિકાઓને **એપ્રિલ-૨૦૧૭ થી જુન-૨૦૧૭ માસ માટે કુલ રૂ.૫૮૪,૩૦,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા પાંચસો ચોર્યાસી કરોડ ત્રીસ લાખ પુરા)** ની ગ્રાંટ નિયત ટકાવારી મુજબની રકમ ચુકવવા મુજબ નિર્દિષ્ટ શરતોએ ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડના હવાલે મૂકેલ છે. સદરહુ મે-૨૦૧૭ માસ માટે કુલ **રૂ. રૂ. ૧૯૪,૭૬,૬૬,૬૬૮/-(અંકે રૂપિયા એકસો ચોરાણું કરોડ છોત્તેર લાખ છાછઠ હજાર છસો અડસઠ પુરા)** નીચે દર્શાવ્યા મુજબ ચુકવવાની થાય છે.

| ક્રમ | મહાનગરપાલીકાનું નામ | મળવાપાત્ર રકમ રૂ. |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૮૭,૧૫,૧૦,૦૦૦ |
| ૨ | સુરત | ૬૦,૨૧,૬૮,૦૦૦ |
| ૩ | વડોદરા | ૨૬,૮૦,૨૧,૩૩૪ |
| ૪ | રાજકોટ | ૧૧,૧૭,૮૫,૬૬૬ |
| ૫ | જામનગર | ૩,૦૪,૭૭,૦૦૦ |
| ૬ | ભાવનગર | ૩,૧૯,૦૭,૩૩૪ |
| ૭ | જૂનાગઢ | ૧,૯૦,૩૪,૩૩૪ |
| ૮ | ગાંધીનગર | ૧,૨૭,૬૩,૦૦૦ |
| | **કુલ** | **૧૯૪,૭૬,૬૬,૬૬૮** |

ઉપર પ્રમાણે ૮ મહાનગરપાલિકાઓને જુન-૨૦૧૭ માસની ઓકટ્રોય વળતર પેટે ચુકવવાની કુલ રકમ **રૂ!. ૧૯૪,૭૬,૬૬,૬૬૮/-(અંકે રૂપિયા એકસો ચોરાણું કરોડ છોત્તેર લાખ છાછઠ હજાર છસો અડસઠ પુરા)** પૈકી દરેક મહાનગરપાલિકાના નામ સામે દર્શાવેલ રકમ કમિશ્નરશ્રી, સંબંધિત મહાનગરપાલિકાને ચુકવવા મંજુરી આપવામાં આવે છે.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના ઉપરોક્ત વંચાણે લીધેલ ક્રમ-૨ના તા. ૧૮/૦૪/૨૦૧૭ ના ઠરાવમાં દર્શાવેલ શરતોને આધિન મહાનગરપાલિકાઓએ જે હેતુ માટે બજેટ જોગવાઈ કરવામાં આવી હોય તે જ હેતુ માટે ખર્ચ કરવાનો રહેશે. અન્ય કોઈ હેતુ માટે ખર્ચ કરી શકશે નહિ. દરેક મહાનગરપાલિકાઓએ તેમને ફાળવેલ ગ્રાંટનો કયારે અને કેવી રીતે ઉપયોગ કર્યો તેની માહિતી અત્રેના બોર્ડને મોકલી આપવાની રહેશે. જે મળ્યા બાદ જ આ પછીના મહિનાની ગ્રાંટ છુટી કરવામાં આવશે.

મહાનગરપાલિકાઓને વિકાસના કામો માટે પ્રોત્સાહક અનુદાન યોજના હેઠળ અત્રેના બોર્ડને હવાલે મુકેલ ગ્રાંટની રકમ **રૂ!. ૧૯૪,૭૬,૬૬,૬૬૮/-(અંકે રૂપિયા એકસો ચોરાણું કરોડ છોત્તેર લાખ છાછઠ હજાર છસો અડસઠ પુરા)** માંથી ઉધારવાનો રહેશે.

**રવાના કર્યુ**

**નાયબ નિયામક (આંકડા)**
**ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ**
**ગાંધીનગર**

**સહિ/-**
**મુખ્ય કારોબારી અધિકારી**
**ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ**
**ગાંધીનગર**

**પ્રતિ,**
**મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,**
**અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર, ભાવનગર, જૂનાગઢ અને ગાંધીનગર મહાનગરપાલિકાઓ.**

**નકલ સવિનય રવાના :-**

(૧) માન. અધ્યક્ષશ્રીના અંગત મદદનીશશ્રી, ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ, ગાંધીનગર તરફ માન. અધ્યક્ષશ્રીના માયાળુ ધ્યાને મુકવા સારૂ.
(૨) નાયબ સચિવશ્રી (શ.વિ.) શ.વિ.અને શ.ગૃ. નિ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૩) નાયબ સચિવશ્રી (બજેટ) (શ.વિ.) શ.વિ.અને શ.ગૃ. નિ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૪) અંગત મદદનીશશ્રી, માન.મંત્રીશ્રી, શ.વિ.અને શ.ગૃ.નિ.વિભાગનું કાર્યાલય તરફ જાણ સારૂ.
(૫) સેકશન અધિકારીશ્રી, (પી-શાખા), શ.વિ.અને શ.ગૃ.નિ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૬) સેકશન અધિકારીશ્રી, (બજેટ), શ.વિ.અને શ.ગૃ.નિ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૭) કલેકટરશ્રી,અમદાવાદ,સુરત,વડોદરા,રાજકોટ,જામનગર, ભાવનગર, જૂનાગઢ અને ગાંધીનગર
(૮) એ.જી. અમદાવાદ / રાજકોટ
(૯) સહાયક નિરીક્ષક સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર, ભાવનગર, જૂનાગઢ અને ગાંધીનગર જીલ્લા.
(૧૦) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
(૧૧) જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર .
(૧૨) નાયબ નિયામકશ્રી (હિસાબ), ગુ.મ્યુ.ફા.બોર્ડ, ગાંધીનગર તરફ ઉપર હુકમમાં દર્શાવેલ કુલ રકમ **રૂ!. ૧૯૪,૭૬,૬૬,૬૬૮/-(અંકે રૂપિયા એકસો ચોરાણું કરોડ છોત્તેર લાખ છાછઠ હજાર છસો અડસઠ પુરા)** ની રકમ પૈકી મહાનગરપાલિકાના નામ સામે દર્શાવેલ રકમની ચૂકવણી કમિશ્નરશ્રી સંબંધિત મહાનગરપાલિકાઓને કરવાની સારૂ.
(૧૨) સીલેકટ ફાઈલ.